# Press Statement on recent comments by foreign individuals and entities on the farmers' protests

February 03, 2021

## ખેડૂતોનાં વિરોધ પ્રદર્શનો પર વિદેશી વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી તાજેતરની ટિપ્પણીઓ પર પ્રેસ સ્ટેટમેન્ટ

ફેબ્રુઆરી 03, 2021

"ભારતની સંસદે સંપૂર્ણ ચર્ચા અને સંવાદ કર્યા પછી, કૃષિ ક્ષેત્રને લગતા સુધારાવાદી કાયદા પસાર કર્યા છે આ . ખેડૂતોને અને છે મળે પહોંચ વિસ્તૃત બજારને સુધારાઓથીમોટી રાહત મળે છે .તેનાથી આર્થિક અને પર્યાવરણીય રીતે ટકાઉ ખેતી માટેનો માર્ગ પણ મોકળો થાય છે.

ભારતના થોડા ભાગના જૂજ ખેડુતોનો આ સુધારાઓ સામે વાંધો છે. વિરોધ પ્રદર્શનકારીઓની લાગણીને માન આપતા ભારત સરકારે તેમના પ્રતિનિધિઓ સાથે શ્રેણીબદ્ધ વાટાઘાટો શરૂ કરી છે કેન્દ્રીય પ્રધાનોએ વાટાઘાટોમાં ભાગ લીધો છે અને કુલ અગિયાર તબક્કાની વાટાઘાટો થઈ ચુકી છે. સરકારે કાયદાઓને હાલ પુરતા મોકુફ રાખવાની પણ ઓફર કરી છે, આ ઓફર ખુદ ભારતના વડાપ્રધાને કરી છે.

તેમ છતાં, દુષિત ઈરાદા ધરાવતા જૂથો આ વિરોધ પ્રદર્શનમાં પોતાના એજન્ડા લાગુ કરી રહ્યા છે અને આંદોલન પાટા પરથી ઉતરી ગયું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. ભારતના પ્રજાસત્તાક દિવસ, 26 મી જાન્યુઆરીએ ભારતના બંધારણના ઉદ્‌ઘાટનની વર્ષગાંઠે એક પ્રિય રાષ્ટ્રીય સ્મરણ પ્રસંગે ભારતની રાજધાનીમાં બેશર્મી ,હિંસા અને તોડફોડની ઘટના બની હતી તે આખા દેશે જોયુ છે.

આ કેટલાક દુષિત ઈરાદા ધરાવતા જૂથોએ ભારત સામે આંતરરાષ્ટ્રીય સમર્થનને એકત્રિત કરવાનો પ્રયાસ પણ કર્યો છે. આવા અસામાજિક તત્વો દ્વારા ઉશ્કેરાઈને, વિશ્વના અન્ય ભાગોમાં મહાત્મા ગાંધીની પ્રતિમાઓનું અપમાન કરવામાં આવ્યું છે. આ ભારત માટે અને સર્વત્ર સભ્ય સમાજ માટે ભારે પીડાજનક બાબત છે .

ભારતીય પોલીસ દળોએ આ વિરોધને ભારે સંયમપૂર્નક નિયંત્રિત કર્યા છે. નોંધનીય છે કે પોલીસમાં ફરજ બજાવતા સેંકડો પુરુષો અને મહિલાઓ પર શારીરિક હુમલો થયો હતો અને કેટલાક કેસોમાં છરાથી ઘાયલ થયા હતા અને ગંભીર રીતે ઘવાયા હતા.

અમે ભારપૂર્વક જણાવવા માંગીએ છીએ કે આ વિરોધ પ્રદર્શન ભારતની લોકશાહી નીતિ અને નૈતિકતાના સંદર્ભમાં અને સરકાર અને સંબંધિત ખેડૂત જૂથો વચ્ચેની મડાગાંઠને હલ કરવાના પ્રયત્નોના સંદર્ભમાં જોવામાં આવે.

આવી બાબતો પર ટિપ્પણી કરવા ઉતાવળ કરતા પહેલા, અમે વિનંતી કરીએ છીએ કે હકીકતોની તપાસ કરવામાં આવે અને યોગ્ય સમજણ દ્વારા મુદ્દાઓને હાથ ધરવામાં આવે. ખાસ કરીને સેલિબ્રિટીઝ અને અન્ય લોકો દ્વારા હાથ ધરવામાં આવેલી સનસનાટીભર્યા સોશ્યલ મીડિયા હેશટેગ્સ અને ટિપ્પણીઓની લાલચ, ન તો સચોટ છે કે ન તો જવાબદારી પૂર્વકની છે."

# IndiaTogether

# IndiaAgainstPropaganda

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 03, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.